ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ, સુરત

# સ્પોર્ટ્સ લાઇન

## વિમ્બલડન : સિનર, જોકોવિચ, ઓસાકા અંતિમ 16માં



**આન્દ્રે** રુબેલેવને હરાવનાર રોમન સફીઉલિને ફોન્સેસાને સીધા સેટમાં હરાવી અંતિમ 16માં પ્રવેશ કર્યો

**મહિલા** સિંગલ્સમાં એલિના રિબાકીના, લિન્ડા નોસ્કોવા અને પુરુષ સિંગલ્સમાં ગ્રિગોર દિમિત્રોવ ત્રીજા રાઉન્ડમાં

લંડન, તા. 03 : ઓલ ઈંગ્લેન્ડ ક્લબ ખાતે ગ્રાસ કોર્ટ પર રમાતી ગ્રાન્ડસ્લેમ વિમ્બલડનમાં આજે શુક્રવારે આર્થર રિન્ડરકનેચ સામે ચાર સેટની કઠિન જીત બાદ નોવાક જોકોવિચે રાઉન્ડ ઓફ 16 માં પ્રવેશ કર્યો છે. તેની સાથે જ વિશ્વના નંબર વન અને ડિફેન્ડિંગ ચેમ્પિયન યાનિક સિનરે પણ ત્રીજા રાઉન્ડમાં જેન્સન બ્રુક્સબી પર સીધા સેટમાં વિજય મેળવીને અંતિમ 16માં પ્રવેશ કરી લીધો હતો.

સિનરે વિમ્બલ્ડન 2026માં પોતાનો દબદબો જાળવી રાખીને બ્રુક્સબી પર સીધા સેટમાં 6-4, 6-3, 6-4 થી જીત મેળવી હતી જ્યારે નોવાક જોકોવિચે આર્થર રિન્ડરકનેચને 7-5, 6-4, 1-6, 7-6(4) થી હરાવ્યો હતો. આ ઉપરાંત

પુરૂષ સિંગલ્સમાં આન્દ્રે રુબેલેવને હરાવનારા બિન ક્રમાંકિત રોમન સફીઉલિને જોઆઓ ફોન્સેસાને સીધા સેટમાં 6-3, 6-3, 6-3થી હરાવીને ચોથા રાઉન્ડમાં પ્રવેશ કર્યો હતો. આ પહેલા ગુરુવારે રાત્રે રમાયેલી બીજા રાઉન્ડની મેચોમાં ગ્રિગોર દિમિત્રોવે યાકૂબ મેન્સિકને 7-6, 4-6, 7-5, 6-3થી, એલેક્ઝાન્ડર બુબ્લિકે કિરિયન જેક્વેટનને 6-3, 6-4, 7-6થી. હરાવીને આગેકૂચ કરી હતી

મહિલા સિંગલ્સના ત્રીજા રાઉન્ડમાં જેસિકા પેગુલાએ જેસિકા બ્રૂઝાસ માનેરોને 6-1, 6-3થી, નાઓમી ઓસાકાએ દારિયા કસાત્કિનાને 6-1, 6-3થી, બેલિન્ડા બેનસિચે એના કાલિન્સ્કાયાને 6-4, 4-6, 7-6થી હરાવી હતી જ્યારે બીજા રાઉન્ડમાં એલિના રિબાકિનાએ કેટી મેકેનલીને 6-1, 6-2થી, લિન્ડા નોસ્કોવાએ કેમિલી ઓસોરિયોને 6-3, 4-6, 6-2થી હરાવી આગળ વધી હતી.

## બીજી ટી-20 આજે, સેમસનનું ફોર્મ, તિલકના વલણ પર નજર

**સંજૂ** સેમસનનું ફોર્મ ચિંતાનો વિષય હોવા છતાં વૈભવ સૂર્યવંશીને ડેબ્યુની તક મળવાની સંભાવા ઓછી

**સાંજે** 7.00 વાગ્યાથી મેચનું જીવંત પ્રસારણ સ્ટાર સ્પોર્ટ્સ નેટવર્ક અને લાઇવ સ્ટ્રીમીંગ જીયો હોટસ્ટાર પર



માન્ચેસ્ટર, તા. 03 (પીટીઆઈ) : ભારતીય ટીમ આવતીકાલે શનિવારે અહીં ઈંગ્લેન્ડ સામે જ્યારે બીજી ટી-20 રમવા માટે મેદાને ઉતરશે ત્યારે બધાની નજર વૈભવ સૂર્યવંશીના ડેબ્યૂ માટે વધી રહેલી ચર્ચાઓ વચ્ચે, આ પ્રવાસમાં સતત નિષ્ફળ રહેલા સંજુ સેમસન પર રહેશે અને તેના કારણે તેના સારું પ્રદર્શન કરવાનું દબાણ સર્જાશે. સાથે જ તિલક વર્માના એપ્રોચ પર પણ નજર રહેશે.

વરસાદને કારણે રદ થયેલી પહેલી મેચમાં ભારતે અભિષેક શર્મા અને કેપ્ટન શ્રેયસ ઐયરની અડધી સદીની મદદથી સાત વિકેટે ૧૮૯ રન બનાવ્યા હતા. આગામી કેટલીક મેચોમાં ધ્યાન સેમસન પર રહેશે અને સૂર્યવંશીને ડેબ્યૂ કરાવવાની વધતી માગણીઓ વચ્ચે તે પોતાની યોગ્યતા સાબિત કરી શકશે કે નહીં. ટી-20 વર્લ્ડકપ વિજયના શિલ્પી સેમસનને ઓછામાં ઓછા એક વર્ષ માટે બ્રેક આપી શકાયો હોત, પરંતુ હવે જ્યારે ભારતીય ક્રિકેટને સૂર્યવંશીના સ્વરૂપમાં એક અપવાદરૂપે પ્રતિભાશાળી ક્રિકેટર મળ્યો છે, ત્યારે તેના માટે ડેબ્યૂ કરવાનો સમય આવી ગયો છે.

આવી સ્થિતિમાં, સેમસન માટે ભૂલનો કોઈ અવકાશ નથી અભિષેક શર્માએ છેલ્લી ત્રણ મેચમાંથી બે મેચમાં 49 અને 59 રન બનાવ્યા છે, જેના કારણે હવે બધું દબાણ સેમસન પર છે. વરસાદને કારણે રદ થયેલી પહેલી મેચમાં, સેમસને સાત બોલમાં એક રન બનાવ્યો અને ક્યારેય એવું લાગ્યું નહીં કે તે આક્રમક રીતે રમવાના મૂડમાં છે. સીમિંગ પિચ પર તેની ટેકનિકલ નબળાઈઓ છતી થાય છે. ટીમ મેનેજમેન્ટ 15 વર્ષીય સૂર્યવંશી અંગે કોઈ પણ પ્રકારની ઉતાવળ કરવા માંગતું નથી, પરંતુ જો તેને આગામી કેટલીક મેચોમાં મેદાનમાં ઉતારવામાં નહીં આવે તો આ નિર્ણય પર પ્રશ્નો ઉભા થવાના છે.

## મહિલા ટી-20 વર્લ્ડકપ : દક્ષિણ આફ્રિકાને હરાવી ઇંગ્લેન્ડ ફાઇનલમાં

**23** રનમાં ત્રણ વિકેટ ગુમાવનાર ઈંગ્લેન્ડે સાયવર બ્રન્ટની તોફાની ઇનિંગથી 169 રન બનાવ્યા

**ચાર્લી** ડીન અને લોરેન બેલની આગેવાનીમાં ઈંગ્લીશ બોલરોએ દ. આફ્રિકાને 129 રન સુધી સિમિત રાખ્યું

લંડન, તા. 03 (એપી) : મહિલા ટી-20 વર્લ્ડકપની ગઈકાલે ગુરુવારે રાત્રે રમાયેલી બીજી સેમી ફાઈનલમાં ઈજા છતાં કેપ્ટન નેટ સાયવર-બ્રન્ટની શાનદાર 75 રનની ઈનિંગના કારણે ઈંગ્લેન્ડે દક્ષિણ આફ્રિકાને 40 રનથી હરાવીને ફાઈનલમાં પ્રવેશ કર્યો જ્યાં તેનો સામનો કટ્ટર હરીફ ઓસ્ટ્રેલિયા સામે થશે.

દક્ષિણ આફ્રિકાએ ટોસ જીતીને ફિલ્ડીંગ પસંદ કર્યા પછી બેટિંગ માટે ઉતરેલી ઈંગ્લેન્ડની ટીમની શરૂઆત ખરાબ રહી અને તેણે 23 રનમાં ત્રણ વિકેટ ગુમાવી દીધી. ત્યારબાદ સાયવર-બ્રન્ટ અને 58 રન કરનારી માજી કેપ્ટન હીથર નાઈટે ચોથી વિકેટ માટે 133 રનની ભાગીદારી કરી અને ઈંગ્લેન્ડનો સ્કોર પાંચ વિકેટે 169 રન સુધી પહોંચાડ્યો. જેના જવાબમાં ચાર્લી ડીન અને લોરેન બેલની આગેવાનીમાં ઈંગ્લીશ બોલરોની ઉમદા બોલિંગથી દક્ષિણ આફ્રિકા આઠ વિકેટે માત્ર 129 રન સુધી સિમિત રહ્યું હતું. ઓપનર તંઝામીન બ્રિટ્સે સૌથી વધુ 51 રન બનાવ્યા. ઈંગ્લેન્ડ તરફથી ચાર્લી ડીન અને લોરેન બેલે બે-બે વિકેટ લીધી. ઓસ્ટ્રેલિયા અને ઈંગ્લેન્ડ અત્યાર સુધી ટુર્નામેન્ટમાં અજેય છે. 2010 પછી આ પહેલી વાર છે જ્યારે બંને ટીમો અપરાજિત રહીને ફાઈનલમાં પહોંચી છે. રવિવારે લોર્ડ્સ ખાતે ફાઈનલ રમાશે.

## સુદર્શનની સદી : ભારત Aનો સ્કોર એક વિકેટે 247 રન

ગોલ, તા. 03 : ઓપનર સાઈ સુદર્શનેસતત બીજી સદી ફટકારીને પોતાના પ્રભાવશાળી ફોર્મને ચાલુ રાખતા ભારત A ટીમે શુક્રવારે અહીં રમાઈ રહેલી બીજી બિનસત્તાવાર ટેસ્ટના બીજા દિવસે એક વિકેટે 247 રન બનાવ્યા હતા. પ્રથમ ઈનિંગમાં 366 રનમાં ઓલઆઉટ થયેલા શ્રીલંકા A સામે ભારત A હવે 119 રન પાછળ છે. મુલાકાતી ટીમના પ્રભાવશાળી પ્રદર્શનનું નેતૃત્વ સુદર્શને કર્યું, જેણે 166 બોલમાં પોતાની 10મી ફર્સ્ટ ક્લાસ સદી ફટકારી. દેવદત્ત પડિકલે પણ એટલો જ પ્રભાવશાળી દેખાવ કર્યો, તેણે 151 બોલમાં 94 રન બનાવ્યા. અમન મોખાડે ૩૮ રન બનાવીને આઉટ થયા બાદ, બંને ડાબોડી બેટ્સમેનોએ અત્યાર સુધીમાં બીજી વિકેટ માટે 181 રનની નોટઆઉટ ભાગીદારી કરી છે. સુદર્શન અને મોખાડેએ પ્રથમ વિકેટ માટે 66 રનની ભાગીદારી કરી હતી. ઓફ સ્પિનર કેશર નુવંતાએ મોખાડેને આઉટ કર્યો.

# પિતાના અંતિમ સંસ્કાર સમારંભમાં પુત્ર મોજતબા ખામેની હાજર રહેશે કે નહીં?



ઈરાનના ભૂતપૂર્વ સર્વોચ્ચ નેતા આયાતુલ્લાહ અલી ખામેનીની હત્યાના ચાર મહિનાથી વધુ સમય પછી તેમની અંતિમવિધિ શનિવાર, ૪ જુલાઈના રોજ તેહરાનમાં શરૂ થઈ રહી છે. ઈરાની અધિકારીઓ તેને સદીનો યાદગાર અંતિમ સંસ્કાર કહી રહ્યા છે. ઈરાની અધિકારીઓના મતે તેમાં આશરે ૨ કરોડ લોકો હાજર રહેશે. આ ઐતિહાસિક વિધિનું નેતૃત્વ તેહરાન સ્થિત મોહમ્મદ રસુલુલ્લાહ કોર્પ્સ દ્વારા કરવામાં આવી રહ્યું છે, જે ઇસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સનું મુખ્ય પ્રાંતીય એકમ છે. કેટલાક વિશ્લેષકો માને છે કે આ સમારંભમાં હાજરી ન આપનારાઓની ગેરહાજરી હાજર રહેનારાઓની હાજરી કરતાં વધુ મહત્ત્વપૂર્ણ હશે. ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદી તેમાં હાજરી આપવાના નથી, પણ ડઝનબંધ રાષ્ટ્રપતિઓ, વડા પ્રધાનો અને મંત્રીઓ તેમાં હાજર રહેશે. આ કાર્યક્રમને લગભગ ૮૦૦ વિદેશી પત્રકારો કવર કરશે.

આમાં સૌથી મોટો પ્રશ્ન એ છે કે શું મોજતબા ખામેની અને તેમનાં ભાઈ-બહેનો તેમના પિતાના અંતિમ સંસ્કારમાં હાજરી આપશે? ૨૮ ફેબ્રુઆરી, ૨૦૨૬ ના રોજ થયેલા હુમલામાં તેમની પત્ની સહિત પરિવારના ઘણાં સભ્યો માર્યા ગયાં હોવાના અહેવાલો બાદ મોજતબાના સ્વાસ્થ્ય અંગે અનિશ્ચિતતા પ્રવર્તી રહી છે. મંગળવાર, ૩૦ જૂનના રોજ, આયોજન સમિતિના સચિવ અલી અકબર પોર્જમશીદિયનએ જણાવ્યું હતું કે મોજતબાની હાજરી અંગેનો કોઈ પણ નિર્ણય સશસ્ત્ર દળોના સુપ્રીમ કમાન્ડર અને સુપ્રીમ લીડરના કાર્યાલય દ્વારા જાહેર કરવામાં આવશે. બીજો મોટો પ્રશ્ન એ છે કે અંતિમ સંસ્કાર કોણ કરશે? શિયા પરંપરામાં આ ભૂમિકા ધાર્મિક અને રાજકીય બંને દૃષ્ટિકોણથી મહત્ત્વપૂર્ણ માનવામાં આવે છે. કેટલાક નિરીક્ષકો કહે છે કે જો મોજતબા જાહેરમાં આવશે તો તેને ઈરાનના ભાવિ નેતૃત્વ વિશે એક મહત્ત્વપૂર્ણ સંકેત તરીકે જોવામાં આવશે. ખામેનીના અંતિમ સંસ્કાર એવા સમયે થયા છે જ્યારે ઇસ્લામિક રિપબ્લિક ગંભીર રાજકીય અને સામાજિક પડકારોનો સામનો કરી રહ્યું છે. રાજકીય વ્યવસ્થાઓમાં નેતાઓના અંતિમ સંસ્કારનું માત્ર ધાર્મિક જ નહીં પણ રાજકીય મહત્ત્વ પણ હોય છે. આ ઉજવણી ઈરાન માટે એકતા દર્શાવવાની અને રાજકીય પ્રભાવને મજબૂત બનાવવાની તક બની શકે છે.

આ વર્ષે ફેબ્રુઆરીમાં અમેરિકા અને ઈરાન વચ્ચેના યુદ્ધની શરૂઆતમાં ઈરાનના તત્કાલીન સર્વોચ્ચ નેતા આયાતુલ્લાહ અલી ખામેની એક હવાઈ હુમલામાં માર્યા ગયા હતા. આયાતુલ્લાહ અલી ખામેનીની હત્યા પછી તેમના પુત્ર મોજતબા ખામેનીને તેમના ઉત્તરાધિકારી તરીકે પસંદ કરવામાં આવ્યા હતા. ઈરાનના સર્વોચ્ચ નેતા બન્યા પછી મોજતબા જાહેરમાં જોવા મળ્યા નથી. તેઓ તેમના પિતાના અંતિમ સંસ્કારમાં હાજરી આપશે કે નહીં તે જાણી શકાયું નથી. અમેરિકા, ઇઝરાયેલ અને ઈરાન વચ્ચે ચાલી રહેલા યુદ્ધને કારણે અંતિમ સંસ્કારમાં વિલંબ થયો છે. ૫૬ વર્ષીય મોજતબાએ પ્રમાણમાં અજ્ઞાત જીવન ગાળ્યું છે. તેમણે ક્યારેય કોઈ સરકારી પદ સંભાળ્યું નથી કે જાહેર ભાષણો કે ઇન્ટરવ્યુ આપ્યાં નથી. તેમના થોડા જ ફોટોગ્રાફ્સ અને વીડિયો પ્રકાશિત થયા છે, પરંતુ વર્ષોથી ઈરાનમાં પડદા પાછળ તેમનો નોંધપાત્ર પ્રભાવ હતો.

૮ સપ્ટેમ્બર, ૧૯૬૯ ના રોજ ઉત્તરપૂર્વીય શહેર મશહદમાં જન્મેલા મોજતબા અલી ખામેનીનાં છ બાળકોમાં બીજા ક્રમે છે. તેમણે તેમનું માધ્યમિક શિક્ષણ તેહરાનની એક ધાર્મિક અલાવાઈટ શાળામાં મેળવ્યું. ૧૭ વર્ષની ઉંમરે મોજતબાએ ઈરાન-ઈરાક યુદ્ધ દરમિયાન ઘણા ટૂંકા ગાળા માટે સેનામાં સેવા આપી હતી. આ લોહિયાળ સંઘર્ષે ઇસ્લામિક શાસનને અમેરિકા અને પશ્ચિમી દેશોનું દુશ્મન બનાવ્યું, જેમણે ઇરાકને ટેકો આપ્યો હતો. ૧૯૯૯માં પોતાનો ધાર્મિક અભ્યાસ ચાલુ રાખવા માટે શિયા ધર્મનું મહત્ત્વપૂર્ણ કેન્દ્ર ગણાતા પવિત્ર શહેર કોમ ગયા. તેમણે ત્યાં સુધી ધાર્મિક વસ્ત્રો પહેર્યાં નહોતાં અને તે સ્પષ્ટ નથી

**ટુ ધ પોઇન્ટ** ▪ સંજય વોરા ▪

કે તેમણે ૩૦ વર્ષની ઉંમરે મદરેસામાં પ્રવેશવાનું કેમ નક્કી કર્યું, કારણ કે આ પ્રવેશ સામાન્ય રીતે નાની ઉંમરે કરવામાં આવે છે. મોજતબાનું નામ સૌ પ્રથમ ૨૦૦૫ની રાષ્ટ્રપતિની ચૂંટણી દરમિયાન જાહેરમાં આવ્યું હતું, જેના પરિણામે લોકપ્રિય કટ્ટરપંથી મહમૂદ અહમદીનેજાદનો વિજય થયો હતો. સુધારાવાદી ઉમેદવાર મેહદી કરૌબીએ ખામેનીને લખેલા ખુલ્લા પત્રમાં મોજતબા પર ઇસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સ (IRGC) અને બાસીજ લડવૈયાઓ દ્વારા ચૂંટણીમાં દખલ કરવાનો આરોપ લગાવ્યો હતો કે અહમદીનેજાદને જીતવામાં મદદ કરવા માટે ધાર્મિક જૂથોને પૈસા વહેંચવામાં આવ્યાં હતાં. ચાર વર્ષ પછી મોજતબા પર ફરીથી એ જ આરોપ લાગ્યો હતો. અહમદીનેજાદની ફરીથી ચૂંટણીએ ગ્રીન મૂવમેન્ટ તરીકે ઓળખાતા રાષ્ટ્રવ્યાપી વિરોધ પ્રદર્શનોને વેગ આપ્યો હતો. કેટલાક વિરોધીઓએ એ વિચારનો વિરોધ કરતાં સૂત્રોચ્ચાર કર્યા કે મોજતબા તેમના પિતાના સ્થાને ઈરાનના સર્વોચ્ચ નેતા બની શકે છે. ઈરાનના તત્કાલીન નાયબ ગૃહમંત્રી મુસ્તફા તાજઝાદેહે ચૂંટણીનાં પરિણામોને ચૂંટણીમાં ગોલમાલ ગણાવી હતી. તેમને સાત વર્ષની જેલની સજા ફટકારવામાં આવી હતી અને તેમણે આ ઘટના માટે મોજતબાને દોષી ઠેરવ્યા હતા. ૨૦૦૯ની ચૂંટણી પછી બે સુધારાવાદી ઉમેદવારો મીર-હુસેન મૌસાવી અને મેહદી કરૌબીને નજરકેદ કરવામાં આવ્યા હતા. ઈરાની સૂત્રોએ જણાવ્યું હતું કે મોજતબા ફેબ્રુઆરી ૨૦૧૨માં મૌસાવીને મળ્યા હતા અને તેમને તેમનાં વિરોધ પ્રદર્શનો છોડી દેવા વિનંતી કરી હતી. હવે, ઈરાનના નવા સર્વોચ્ચ નેતા તરીકે ઘણાં લોકો અપેક્ષા રાખે છે કે મોજતબા તેમના પિતાની કટ્ટરપંથી નીતિઓ ચાલુ રાખશે. કેટલાંક લોકો એવું પણ માને છે કે જે માણસે અમેરિકા-ઇઝરાયેલી હુમલામાં પોતાના પિતા, માતા અને પત્ની ગુમાવ્યાં છે તેની પશ્ચિમી દબાણ સામે ઝૂકવાની શક્યતા ઓછી છે. તેમની સામે ઇસ્લામિક રિપબ્લિકનું અસ્તિત્વ સુનિશ્ચિત કરવાનું અને જનતાને ખાતરી આપવાનું મુશ્કેલ કાર્ય પણ છે કે તેઓ દેશને રાજકીય અને આર્થિક વિનાશમાંથી બહાર કાઢવા માટે યોગ્ય વ્યક્તિ છે. તેમના નેતૃત્વના રેકોર્ડની હજુ સુધી સંપૂર્ણ ચકાસણી થઈ નથી. ઇઝરાયલના સંરક્ષણ પ્રધાને કહ્યું છે કે આગામી સર્વોચ્ચ નેતા એક સ્પષ્ટ લક્ષ્ય હશે, જેને દૂર કરવું પડશે.

આયાતોલ્લાહ અલી ખામેનીના અંતિમ સંસ્કારની છ દિવસીય ઉજવણી શનિવારે સ્થાનિક સમય મુજબ સવારે ૬ વાગ્યે તેહરાનના ઇમામ ખોમેની મોસલ્લા ખાતે શરૂ થશે. લોકો રવિવાર બપોર સુધી શ્રદ્ધાંજલિ આપી શકશે. ખામેનીના શબપેટીને ઊંચા પ્લેટફોર્મ પર મૂકવામાં આવશે. ભીડનું સંચાલન કરવામાં આવશે, જેથી લોકો ૧૫-૨૦ મિનિટમાં પ્રવેશ કરી શકે અને બહાર નીકળી શકે. ત્યાં એક વરિષ્ઠ શિયા ધર્મગુરુ જામકરણ મસ્જિદમાં અંતિમ સંસ્કારની નમાઝનું નેતૃત્વ કરશે, જે વિશ્વના શિયા સમુદાય માટે સૌથી મહત્ત્વપૂર્ણ ધાર્મિક સ્થળોમાંનું એક છે.

આયાતોલ્લાહ અલી ખામેનીના પાર્થિવ દેહને બુધવારે નજફ લઈ જવામાં આવશે. ત્યાં શિયા ઇસ્લામના પ્રથમ ઇમામ ઇમામ અલીની દરગાહ પર એક જુલુસ કાઢવામાં આવશે. આ પછી કરબલામાં શ્રદ્ધાંજલિ સમારોહ ચાલુ રહેશે. ત્યાર બાદ પાર્થિવ શરીરને ઈરાન પરત લાવવામાં આવશે. ઈરાકમાં કાર્યક્રમો ત્યાંનાં વિવિધ જૂથોની વિનંતી પર આયોજીત કરવામાં આવી રહ્યા છે. કેટલાક વિશ્લેષકો માને છે કે તે શિયા મુસ્લિમ વિશ્વમાં અલી ખામેનીના પ્રભાવ અને સમગ્ર પ્રદેશમાં ઈરાનના ધાર્મિક અને રાજકીય સંબંધોને રેખાંકિત કરે છે. ઈરાનના વિદેશ પ્રધાન અબ્બાસ અરાઘચીએ અંતિમ સંસ્કારના પ્રતીકાત્મક મહત્ત્વ પર ભાર મૂક્યો હતો. આયાતોલ્લાહ અલી ખામેનીને ગુરુવારે તેમના જન્મસ્થળ મશહદમાં દફનાવવામાં આવશે. તેમના અંતિમ સંસ્કાર ઇમામ રેઝા દરગાહ ખાતે કરવામાં આવશે, જે શિયા ઇસ્લામના આઠમા ઇમામની કબર છે અને તેને ઈરાનનું સૌથી મહત્ત્વપૂર્ણ યાત્રાધામ માનવામાં આવે છે. દર વર્ષે લાખો ભક્તો અહીં આવે છે. આ પછી દેશભરમાં ૪૦ દિવસ સુધી શોક ચાલુ રહેશે, જેમાં તેમની દફનવિધિની પ્રથમ વર્ષગાંઠ સુધી શ્રદ્ધાંજલિ આપવામાં આવશે. આ સમારંભ પર આખા વિશ્વની નજર રહેશે. ત્યાર બાદ ઈરાનના ઇતિહાસમાં એક નવા પ્રકરણનો પ્રારંભ થશે.

**- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.**

**આયાતોલ્લાહ અલી ખામેનીના અંતિમ સંસ્કારની છ દિવસીય ઉજવણી શનિવારે સ્થાનિક સમય મુજબ સવારે ૬ વાગ્યે તેહરાનના ઇમામ ખોમેની મોસલ્લા ખાતે શરૂ થશે**

## ગુકેશ ગ્રાન્ડ ચેસ ટૂર ક્રોએશિયામાં સંયુક્ત બીજા સ્થાને

ઝાગ્રેબ, તા. 03 (પીટીઆઈ) : વિશ્વ ચેમ્પિયન ડી ગુકેશે પોતાના સફેદ મહોરાનો સારો ઉપયોગ કરીને દિવસની અંતિમ રમતમાં નેધરલેન્ડ્સના ગ્રાન્ડમાસ્ટર અનિશ ગિરીને હરાવીને અહીં ગ્રાન્ડ ચેસ ટૂરના ઝાગ્રેબ લેગના બીજા દિવસ પછી સંયુક્ત બીજા સ્થાને પહોંચી ગયો. ઈરાની ગ્રાન્ડમાસ્ટર અલીરેઝા ફિરોજ્જાએ પોતાનું પ્રભાવશાળી પ્રદર્શન ચાલુ રાખી 12 માંથી 10 પોઈન્ટ મેળવીને પોતાની લીડ ત્રણ પોઈન્ટ સુધી વધારી. જર્મનીના વિન્સેન્ટ કીમર, ફ્રાન્સના મેક્સિમ વાચિયર-લેગ્રેવ, રોમાનિયાના ડાયેક બોગદાન-ડેનિયલ અને ગુકેશના સાત-સાત પોઈન્ટ છે અને તેઓ બીજા સ્થાને છે. ભારતના આર. પ્રજ્ઞાનંદા, ગિરી અને ઉઝબેકિસ્તાનના નોદિરબેક અબ્દુસત્તોરોવ તેમનાથી અડધા પોઈન્ટ પાછળ છે.


### જાહેરાત

પોલીસ અધિક્ષકની કચેરી, નવસારી દ્વારા સુરક્ષા સેતુ સોસાયટી અંતર્ગત જિલ્લાની શાળા/કોલેજો/સંસ્થાઓની કુલ-૩૩૦૦ વિદ્યાર્થીનીઓ/મહિલાઓને સ્વરક્ષણ (કરાટે, ટેકવોન્ડો, જુડો) ની બેઝિક તાલીમ આપવાની હોય તે તાલીમ આપવા માટે સરકારશ્રી દ્વારા નક્કી થયેલ એસ.ઓ.પી. મુજબની લાયકાત ધરાવતી સંસ્થાઓએ પોલીસ અધિશ્રકશ્રીની કચેરી કુટુંબ સહાયતા કેંદ્ર, નવસારી (સુરક્ષા સેતુ સોસાયટી) ખાતેથી એસ.ઓ.પી. સાથેનું ટેન્ડર ફોર્મ તા. ૦૮/૦૭/૨૦૨૬ સુધીમાં મેળવી લેવા. ટેન્ડર-ફી પેટે રૂ.૧૫૦૦/- નો ડી.ડી. રાષ્ટ્રીયકૃત બેંકનો પોલીસ અધીક્ષક નવસારીના નામનો જમા કરાવવાનો રહેશે. ટેન્ડર ફોર્મ ભરી તા.૧૦/૦૭/૨૦૨૬ સુધીમાં ઉકત સ્થળે જ જમા કરાવવાના રહેશે.

સ્થળઃ- નવસારી (રાહુલ પટેલ, IPS)
તા.૦૨/૦૭/૨૦૨૬ પોલીસ અધિક્ષક
માહિતી/નવસારી/૧૫૫/૨૦૨૬ નવસારી

### જાહેર નિવિદા નં. ૦૯/૨૦૨૬-૨૭ (સુધારો)

ગુજરાત રાજ્યના નામદાર રાજ્યપાલશ્રી વતી ડી.પી.આઇ.યુ. અને કાર્યપાલક ઈજનેર, ડાંગ પંચાયત (મા*મ) વિભાગ આહવા દ્વારા આપવામાં આવેલ નિવિદા નં. ૦૯/૨૦૨૬-૨૭ ના કામના નામમાં નીચે મુજબ સુધારો કરવામાં આવેલ છે. તમામ શરતો યથાવત રહેશે. આ કામની ઈ-ટેન્ડરની સંપૂર્ણ વિગતો વેબસાઈટ "http://tender.nprocure.com" ઉપર થી જોવા મળશે.

| ક્રમ | કામનું નામ (સુધારા મુજબ) | રકમ રૂ. લાખમાં |
|---|---|---|
| ૧ | કન્સ્ટ્રક્શન ઓફ આંગણવાડી કેન્દ્ર ઇન વેરીયસ વિલેજ ઓફ આહવા તાલુકા કુલ ૩ આંગણવાડી (૧) ધવલીદોડ-૩ (૨) શામગહાન-૨ (૩) કડમાળ-૧ (ચિંચલી) | ૪૬.૦૦ |

કાર્યપાલક ઈજનેર
ડાંગ પંચાયત (મા*મ) વિભાગ
ક્રમાંક/માહિતી/ડાંગ/૫૨/૨૦૨૬ આહવા






APPLE CINEMA
ફ્રી માળ, એક્ઝોનિક મોલ, મહાવીર સંસ્કારધામ, ઈસ્કોન મંદિર પાસે, જહાંગીરપુરા, સુરત.
★ મસાજર બેડ ★ કપલ બેડ ★ વીઆઈપી રીકલાઈનર
☎: 99984 46007
Book Tickets Now from : bookmyshow.com Paytm @applecinemasurat

ઓલપાડ બસ ડેપોમાં હવેથી એપલ (મલ્ટીપ્લેક્ષ) ની સિનેમાની ટીકીટો બુકીંગ માટે ઓફિસ ખોલવામાં આવી છે.

આલ્ફા ૯.૩૦, ૧૦.૦૦, ૧૧.૪૦, ૧૨.૪૦, ૨.૨૦, ૩.૦૦, ૩.૩૦, ૫.૦૦, ૬.૨૦, ૭.૦૦, ૭.૪૫, રાત્રેઃ ૯.૦૦, ૯.૩૦, ૧૦.૩૦, ૧૧.૦૦
વેલકમ ટુ ધ જંગલ ૯.૦૦, ૯.૩૦, ૧૨.૦૦, ૧.૦૦, ૨.૧૦, ૩.૨૦, ૬.૨૦, રાત્રેઃ ૮.૦૦, ૯.૩૫, ૧૦.૨૦, ૧૧.૦૦
કોકટેલ-2 ૯.૧૦, ૧૦.૦૦, ૧૨.૩૦, ૩.૪૫, ૪.૦૦, રાત્રેઃ ૮.૧૫
Minions and Monsters (હિન્દી) ૧૨.૧૦, ૨.૦૦, ૬.૩૦
બેબી ડુ ડાઈ ડુ (હિન્દી) ૯.૧૫, ૧૨.૨૦, ૨.૪૦, રાત્રેઃ ૮.૨૦
નાગબંધમ (હિન્દી) ૯.૦૦, ૫.૦૦, રાત્રેઃ ૧૦.૪૫
કર્મનું રહસ્ય (ગુજરાતી) ૧૨.૦૦
અઘરું છે યાર (ગુજરાતી) ૫.૧૦
જીંદગી વન્સ મોર ગુજરાતીઃ ૭.૪૦
કડકનાથ (ગુજરાતી) ૫.૩૫



### જાહેર હરાજી

આથી ભંગારના વેપારી તથા જૂના વાહનો ખરીદવા રસ ધરાવતા વેપારીઓને જણાવવાનુ કે, અલથાણ પોલીસ સ્ટેશન ખાતે એમ.વી. એક્ટ -૨૦૭ મુજબના કબ્જે લીધેલ વાહનોની જાહેર હરાજી તા.૦૯/૦૭/૨૦૨૬ ના રોજ સવારના કલાક ૧૧/૦૦ વાગે અલથાણ પોલીસ સ્ટેશન ખાતે રાખવામાં આવેલ છે. જેથી રસ ધરાવતા વેપારીઓ કે અરજદારે અરજી દીઠ અલગ-અલગ રૂ/૧૦,૦૦૦/- (દશ હજાર) ડીપોઝીટ ડીમાન્ડ ડ્રાફ્ટ (પોલીસ કમિશ્નર શ્રી સુરત શહેર ના નામનો ડી.ડી.) અત્રેની કચેરીએ તા.૦૮/૦૭/૨૦૨૬ ના રોજ કચેરી સમય દરમ્યાન ભરવાની રહેશે ત્યારબાદ જ હરાજીની બોલીમાં ભાગ લઇ શકશે અને હરાજીનો માલ જે સ્થિતીમાં હશે તે જ સ્થિતીમાં સુપ્રત કરવામાં આવશે હરાજી પૂર્ણ થવાથી હરાજીમાં ઉચી બોલી બોલનાર ઇસમોની માંગણી મુજબ સૌથી વધુ બોલી બોલનાર ઇસમ પાસેથી સ્થળ ઉપર ૨૫% રકમ તથા લાગુ પડતા ટેક્ષની રકમ તુરંત જ ભરપાઇ કરવાની રહેશે હરાજીની શરતો હરાજીના સમયે વાંચી સંભળાવવામાં આવશે. હરાજીમાં ભાગ લેનાર ઇજારદારોએ (૧) પોતાના પેઢીના GST સર્ટીની પ્રમાણિત નકલ (૨) પાનકાર્ડની પ્રમાણિત નકલ (3) આધારકાર્ડની પ્રમાણિત નકલ (૪) પોતાના રહેઠાણના લાઇટબીલ સાથે રજુ કરવાના રહેશે જે અંગેની નોંધ લેશો.

તા.૩૦/૦૬/૨૦૨૬ (જે.એસ.ઝાંબરે)
પોલીસ ઇન્સ્પેક્ટર
અલથાણ પોલીસ સ્ટેશન
ક્રમાંકઃ માહિતી-સૂરત/૩૩૩/૨૦૨૬ સુરત શહેર

### વાપી મહાનગરપાલિકા- વાપી

૩૯૬૧૯૧, તા- વાપી, જી- વલસાડ
(વહીવટી શાખા)

વાપી મહાનગરપાલિકા-વાપી, વાપી ટાઉન પોલીસ સ્ટેશન પાસે, વાપી-૩૯૬૧૯૧, તા-વાપી, જી.વલસાડ, ટે.નં. (૦૨૬૦) ૨૪૬૩૩૭૮ તરફથી યોગ્ય લાયકાત ધરાવતા અનુભવી કાર્ય કરવાની ઇચ્છા ધરાવનાર તથા સરકાર માન્યતા પ્રાપ્ત ઇજારદારશ્રી પાસેથી નીચે મુજબના કામો માટે ઓન લાઇન ભાવો મંગાવવામાં આવે છે. ટેન્ડરની વધુ વિગતો વાપી મહાનગરપાલિકા-વાપી કચેરીએ ઓફિસ સમય દરમ્યાન જોવા મળશે. તેમજ ઓનલાઇન https://vapimunicipality.nprocure.com, https://www.nprocure.com and tender.nprocure.com website ઉપર જોવા મળી શકશે. તેમજ દરેક કામનું કવર અલગથી સિલબંધ કવરમાં મોકલવાનું રહેશે. તથા કવર ઉપર કામનું નામ ટેન્ડર આઇ.ડી. અને વહીવટી શાખાનુ નામ અવશ્ય લખવાનું રહેશે. ભાવપત્રક ખોલવા કે ના ખોલવા તથા મંજુર કરવા કે નામંજુર કરવાનો હક્ક વાપી મહાનગરપાલિકા-વાપીને અબાધિત રહેશે. જે માટે કોઇપણ કારણો આપવામા આવશે નહિ.

| અ. નં. | કામનું નામ | ૧. અંદાજીત કિંમત ૨. ટેન્ડર ફી | ૩. ઇએમડી ૪. સમય મર્યાદા |
|---|---|---|---|
| ૧ | સને- ૨૦૨૬-૨૦૨૭ના વાર્ષિકભાવે વાપી મહાનગરપાલિકા માટે ફોટોગ્રાફી અને વિડીયોગ્રાફી કરાવવા બાબત. | 1. Rs.10,00,000/- 2. Rs.1500/- (18% GST)-270 Total-1770/- | 3. Rs.30,000/- 4. 12 Months |

| | |
|---|---|
| ઓનલાઇન ટેન્ડર ડાઉનલોડ શરૂ કરવાની તારીખ | ૦૫/૦૭/૨૦૨૬ |
| ટેન્ડર ડાઉનલોડ તથા અપલોડ કરવાની આખરી તારીખ | ૨૦/૦૭/૨૦૨૬ ૧૭.૦૦ કલાક સુધી |
| ટેકનીકલ બીડ તથા ટેન્ડર ફી, બાનાની રકમ અને અન્ય દસ્તાવેજો માત્ર રજી. પોસ્ટ એડી/ સ્પીડ પોસ્ટથી (રૂબરૂમાં દસ્તાવેજો સ્વીકારવામાં આવશે નહીં) રજુ કરવાની આખરી તારીખ | ૨૦/૦૭/૨૦૨૬ ૧૭:૦૦ કલાક સુધી |
| ટેન્ડર ખોલવાની સંભવિત તારીખ | ૨૧/૦૭/૨૦૨૬ બપોરે ૧૨:૩૯ કલાકે (શક્ય હશે તો) |

-સહી-
નાયબ મ્યુનિસિપલ કમિશ્નર
ન. માહિતી/વલસાડ/૨૨૬/૨૦૨૬ વાપી મહાનગરપાલિકા-વાપી






### જાહેર નોટીસ

આથી વાહન માલીકો/વીમા કંપની, ફાઇનાન્સ કંપની વિગેરે નાઓને જણાવવાનું કે, અત્રેના અલથાણ પોલીસ સ્ટેશન સુરત શહેર ખાતે M.V.Act.કલમ-207 મુજબના વાહનો કબ્જે(ડીટેઇન) કરવામાં આવેલ, જે વાહન માલીકોને અવાર-નવાર લેખિત તથા મૌખિક જાણ કરવામાં આવેલ હોવા છતાં આપના તરફથી વાહન છોડાવવાની આજ દિન સુધી કોઇ કાર્યવાહી કરવામાં આવેલ નથી, જેથી નોટીશ પ્રસિધ્ધ થયેથી દિન-૦૭ માં વાહન છોડાવવા અંગેની કાર્યવાહી કરવી, જો એમ કરવામાં આપ કસુર કરશો તો આપ આપનું વાહન છોડાવવા માંગતા નથી તેવું માની લઇ કાયદાકીય નિયમોનુસાર વાહનોની હરાજી કરી, હરાજીમાં ઉપજેલ નાણા સરકારશ્રી ખાતે જમા કરાવવામાં આવશે, તેમજ આપના તરફથી આ અંગે આપને કોઇ વાંધો હોય તો દિન-૦૫ માં પોલીસ સ્ટેશન ખાતે રૂબરૂ અગર તો લેખિત રજુઆત કરવી ત્યાર બાદ આવેલી કોઇ રજૂઆતને ધ્યાનમાં લેવામાં આવશે નહીં જેની નોંધ લેશો.

નોંધ-:વાહનોની સંપૂર્ણ વિગતો સુરત શહેર પોલીસ કમિશ્નર કચેરીની વેબસાઇટઃ- www.cpsurat.gujarat.gov.in પર ઉપલબ્ધ છે.

(જે.એસ.ઝાંબરે)
પોલીસ ઇન્સ્પેક્ટર
અલથાણ પોલીસ સ્ટેશન
ક્રમાંક . માહિતી-સૂરત/ ૩૩૪/૨૦૨૬ સુરત શહેર

### બીલીમોરા નગરપાલિકા, બીલીમોરા, જી. નવસારી

ટુંકી મુદતની ઓફલાઇન જાહેર નોટીસ નં.૧૩/૨૦૨૬-૨૭

આથી બીલીમોરા નગરપાલિકા, બીલીમોરા, જી.નવસારી દ્વારા ૧૫% વિવેકાધીન સને ૨૦૨૬-૨૭ હેઠળ નીચે મુજબની વિગતના કામે ઓફલાઇન ટેન્ડર મંગાવવામાં આવે છે.

| | |
|---|---|
| કામનું નામ : - વોર્ડ નં.૮ ઓરીયામોરા મનુખાલપાની દુકાનથી અશ્વિનભાઈના ઘર સુધી પીવાના પાણીની લાઇન નાંખવાનું કામ. | |
| અંદાજિત રકમ - રૂ.૩,૩૩,૩૨૧/- | સમયમર્યાદા :- ૩ માસ |
| ઈ.એમ.ડી. :- રૂ.૩,૩૫૦/- | ટેન્ડર ફી :- રૂ.૬૦૦/- |
| ટેન્ડર લઈ જવાની તારીખ અને સમય | તા.૧૪/૦૭/૨૦૨૬ ૧૮:૦૦ કલાક સુધી |
| ટેન્ડર પહોંચતા કરવાની તારીખ અને સમય | તા.૧૭/૦૭/૨૦૨૬, ૧૮:૦૦ કલાક સુધી |
| ટેન્ડર ખોલવાની સંભવિત તારીખ | તા.૧૮/૦૭/૨૦૨૬, ૧૨:૦૦ કલાકે |

સદર કામ અંગેના તમામ હક્ક અધિકાર નગરપાલિકાને અબાધિત રહેશે. ટેન્ડર મંજૂર/નામંજૂર કરવાની તમામ સત્તા નગરપાલિકાની રહેશે.

Sd/-ચીફ ઓફિસર બીલીમોરા નગરપાલિકા | Sd/- કારોબારી ચેરમેન બીલીમોરા નગરપાલિકા | Sd/- પ્રમુખ બીલીમોરા નગરપાલિકા
માહિતી/નવસારી/૧૫૮/૨૦૨૬